# સાજાપણાની સેવા આરાધના-કાર્યક્રમ

(રવિવાર, ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૭)

વિષય: ચર્ચની સાજાપણાની સેવામાં સહભાગી બનવું

**૧. આરાધના માટે આહ્વાન:** ફસલ પુષ્કળ છે, પણ મજૂરો થોડા છે માટે તમે ફસલના ધણીને પ્રાર્થના કરો કે તે ફસલને માટે મજૂરો મોકલે.

"... અને પ્રભુએ મંડળીમાં કેટલાકને નીમ્યા છે. પ્રથમ પ્રેરિતોને, બીજી પંક્તિમાં પ્રબોધકોને, ત્રીજા શિક્ષકોને, પછી ચમત્કાર કરનારાઓને, પછી સાજા કરનારાઓને, પછી મદદગારોને, પછી વહીવટકારોને અને પછી વિવિધ ભાષાઓ બોલનારાઓને મોકલ્યા. આપણે પ્રભુના સહકાર્યકરો છીએ."

"તમે પ્રભુની ખેતી છો, હા ઇશ્વરની ઇમારત છો."

**૨. આવકાર:** આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં અમે આપ સૌનું હીલીંગ મિનિસ્ટ્રીની રવિવારની આરાધનામાં સ્વાગત કરીએ છીએ.

**૩. આરંભિક પ્રાર્થના:** સર્વસમર્થ પરમેશ્વર, અમારા જીવનના સ્ત્રોત, આપની સૃષ્ટિને સાજી કરવામાં જેઓ સહભાગી છે તેઓને માટે આપનો આભાર માનવા અને સ્તુતિ કરવા માટે આપેલા આ વિશેષ અવસરને માટે અમે આપનો આભાર માનીએ છીએ. સાજા કરવાના કૃપાદાન માટે અમે આપનો આભાર માનીએ છીએ કે જે અમે એક બીજાની સાથે વહેંચી શકીએ છીએ. જે વ્હાલાંઓ તમારા લોકોને તમારા દીધેલ આરોગ્ય અને તંદુરસ્તીની ભેટને પમાડવામાં યોગદાન આપી રહ્યા છે તેઓનું જે રક્ષણ અને પોષણ આપ સતત કરી રહ્યા છો તેને માટે અમે આપનો આભાર માનીએ છીએ. આપની મંડળીને, આપના શરીરને આપના સાજાપણા વડે આશીર્વાદિત કરો કે જેથી અમારી આસપાસ જેઓ જીવન અને તેના વિવિધ પડકારો બાબતે સંઘર્ષ કરી રહ્યા છે તેઓને અમે સહાયરૂપ બની શકીએ. હીલીંગ મીનીસ્ટ્રી અમ દરેકને દૃઢ અને બળવાન કરનાર નીવડે તેમજ અમને ઉત્પન્ન કરવા પાછળના આપના હેતુને પૂરેપૂરો સાર્થક કરવા માટે મદદરૂપ બની રહે તેમ થવા દેજો.

હે પ્રભુ, આ દુનિયાને એક વસવાલાયક ધન્ય સ્થળ બનાવવામાં અમે સહકાર્યકર તરીકે કામ કરી રહ્યા છીએ ત્યારે અમારી સહાય કરો. મંડળીની સાજાપણાની સેવાને (હીલીંગ મીનીસ્ટ્રીને) દૃઢ અને બળવત્તર બનાવવાના અમારા તમામ પ્રયત્નોમાં આપના આશીર્વાદ સદાય અમારી સાથે રહો. આમેન.

**૪. શરૂઆતની ટેક:** Be thou my vision O Lord of my heart

**૫. પ્રેરિતોનું વિશ્વાસનામું / નિકૈયાનું વિશ્વાસનામું / આભારસ્તુતિ / પાપકબૂલાત / ક્ષમાપના**

**૬. બાઈબલ વાચન:**

પહેલું બાઈબલ વાચન: ગીતશાસ્ત્ર૪૩: ૧-૫

બીજું બાઈબલ વાચન: એફેસી ૪:૧, ૧૧-૧૬

ત્રીજું બાઈબલ વાચન: માથ્થી ૧૬: ૧૫-૨૦

**૭. હીલીંગ મીનીસ્ટ્રી (સાજાપણાની સેવા)નો પરિચય:**

સાજાપણાની સેવા તો ઈસુ ખ્રિસ્તની અનુકંપાયુક્ત કાળજી પર આધારિત છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઇચ્છે છે કે દરેક વ્યક્તિ સંપૂર્ણ આરોગ્ય સાથેનું જીવન મેળવે. આરોગ્ય એટલે કે સાજાપણું બહુપરિમાણવીય છે - આત્મિક, માનસિક, શારીરિક, લાગણીગત અને સામાજિક. આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત આરંભથી તે અત્યાર પર્યંતના દરેક સાજાપણાનો સ્રોત છે. ભારતમાં સાજાપણાની આ સેવા ઔપચારિક રીતે મેડીકલ મિશનરી એસોશિયેશન ઑફ ઈન્ડિયા નામના એક મિશનરી જૂથ (MMA) દ્વારા ઇ.સ. ૧૯૦૫માં શરુ થઇ અને ઇ.સ. ૧૯૨૬માં તેનું નામ બદલીને ક્રિશ્ચિયન મેડીકલ એસોશિયેશન ઑફ ઈન્ડિયા રાખવામાં આવ્યું. આજે CMAI આશરે ૩૦૦ જેટલી ખ્રિસ્તી મિશન હૉસ્પિટલો ધરાવે છે કે જેમાં લુધિયાણા અને વેલ્લોરની બે પ્રતિષ્ઠિત મેડીકલ કૉલેજો પણ સામેલ છે. વળી, તે સાજાપણાની સેવામાં રત એવા દશ હજાર કરતાંય વધુ સમર્પિત ખ્રિસ્તી કાર્યકરોને નિકટતામાં લાવે છે. આપણા દેશની વિવિધ આરોગ્યલક્ષી જરૂરિયાતોને પૂરી પાડવામાં યોગદાન આપવા દ્વારા તે ઉત્તરોત્તર બળવત્તર થતું જ ગયું છે. CMAI ના સભ્યોએ વિવિધ ક્ષેત્રોમાં પાયાનું કાર્ય કર્યું છે; જેમ કે રક્તપિત્ત, ટી.બી., મલૅરિયા અને HIV/AIDS. CMAI નો ધ્યેય ખ્રિસ્તના પ્રેમ અને તેમની આજ્ઞાના પ્રતિભાવમાં એક ન્યાયી અને આરોગ્યવાન સમાજને બાંધવાની ભારતમાંની મંડળીઓની સાજાપણાની સેવાઓમાં મદદરૂપ થવાનો છે.

**૮. સંદેશાની રૂપરેખા:**

<u>મધ્યવર્તી વિચાર:</u> *"મંડળીની સાજાપણાની સેવામાં સહભાગીપણું"*

"અને હું કહું છું તું પિટર છે,અને આ ખડક પર હું મારી મંડળીને બાંધીશ, અને હાડેસની સત્તાનું જોર તેની સામે ચાલશે નહિ." (માથ્થી ૧૬: ૧૫-૨૦)

**પ્રસ્તાવના:**

- મંડળી એટલે કે પ્રભુનું શરીર કે જેમાંથી આપણે બળ, ક્ષમતા, સાજાપણું અને હેતુ પામીએ છીએ.

    મંડળી તો ઈશ્વરનું આરોગ્યકેન્દ્ર છે, એક એવું વીજમથક કે જ્યાંથી પરમેશ્વર તેમની યોજનાઓ અમલમાં લાવે છે.

- તમે ખ્રિસ્ત એટલે કે જીવતા ઈશ્વરના પુત્ર છો

    ઈસુ ખ્રિસ્તને આપણા જીવનના ઝરા તરીકે જાણવાથી મળતું બળ

    જીવતા પરમેશ્વર આપણને મંડળીમાં સાજાપણું લાવનારા બનાવે છે તે જાણવાનું બળ

    ખ્રિસ્તને જાણવા તે ઈશ્વરના લોકોના રૂપાંતરણ, દઢીકરણ અને પોષણ માટે સ્વતંત્રતા આપનારું છે

- હું આ ખડક પર મારી મંડળી બાંધીશ

    ખડક તો માનવીય છે અને સતત બદલાતો રહે છે - પણ તેમ છતાંય આપણે જીવનમાં યોગદાન આપીએ છીએ કારણ કે ખ્રિસ્ત ઈસુ નિર્વિકાર છે

    મંડળી વિવિધ તાલંતો ધરાવતા લોકોનું બનેલું એક ધબકતું સંગઠન/બાંધકામ છે

    ઈશ્વરનો આત્મા સાજાપણું, આરોગ્ય અને સ્વસ્થતા લાવવા દ્વારા મંડળીની વૃદ્ધિમાં મદદ કરે છે

    ખડક આપણને ધ્યેય/ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવા માટે જરૂરી બળ અને મજબૂતીનો રૂપક છે

- મરણની સત્તા તેની વિરુદ્ધ ચાલશે નહિ

અજેય મંડળી

જેના પર ક્યારેય વિજય મેળવી શકાયો નથી તેવી મંડળી

મંડળીની હાજરીને કોઇ પણ સત્તા નાબૂદ કરી શકે તેમ નથી

આપણે એ મંડળીના અવયવો છીએ કે જેની પાસે ઈશ્વરની સૃષ્ટિને સાજી કરવાની અને તેનું પુનઃસ્થાપન કરવાની સત્તા છે

**નિષ્કર્ષ:** મંડળી તો એવા લોકોનું અપરાજેય જૂથનું બળ છે કે જેઓ શાશ્વત શરીરનું, મંડળીનું પ્રતિનિધિત્વ કરે છે. જેઓ ઈસુ ખ્રિસ્તને પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારે છે તેઓ મંડળીના છે. આપણને એ ધન્યતા મળી છે કે આપણે ઈશ્વરના આ શરીરમાં અને તેના દ્વારા પ્રદાન કરી શકીએ.

<u>પ્રાર્થના</u>: ઈશ્વરપિતા, અમે આપના પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટે આપનો આભાર માનીએ છીએ. પ્રાર્થના કરીએ છીએ, હે ઈશ્વરપિતા, કે તમે મંડળીને સોંપેલ ઉપદેશ, શિક્ષણ અને સાજા કરવાના કામ માટે બળવાન કરો. લોકો માટેની આપની યોજનાઓ સાંભળવા તેમજ સમજવા માટે અને સમગ્ર મંડળી તરીકે સમાજમાં સુધારો લાવનાર બનવાને માટે કૃપા આપો. અમે પ્રાર્થના કરીએ છીએ કે સાજાપણાની સેવામાં આવનાર તમામ પરિસ્થિતિઓમાં અને પડકારોમાં વિજયી રીતે પાર ઊતરવામાં અમને સહાય કરો. પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં માગીએ છીએ માટે સાંભળો અને માન્ય કરો. આમેન

**૯. મધ્યસ્થી:**

- અમારા પ્રેમાળ ઈશ્વરપિતા, અમે આપનો આભાર માનીએ છીએ કે આપે અમોને આપની પ્રતિમા અનુસાર બનાવ્યા છે કે જેથી અમે આપે અમ દરેકને માટે જે વિશ્વ બનાવ્યું છે તેને સમજી શકીએ, તેની માવજત કરી શકીએ અને તેને પોષણ પમાડી શકીએ. જીવનની મુસાફરીમાં અમોને એક બીજાની અને બહારના જેઓને સહાય અને કાળજીની જરૂર છે તેઓને માટે ટેકારૂપ બનવા કૃપા પમાડો.

*કૃપાળુ પ્રભુ આપની દયામાં અમારી આ પ્રાર્થના સાંભળો અને માન્ય કરો, આમેન.*

- કૃપાળુ ઈશ્વર અને ઈશ્વરપિતા અમે આપની મંડળી વિષે પ્રાર્થીએ છીએ કે અમે આપના લોકો વિષેના આપના દર્શનને અને સ્વપ્નને આગળ વધારનાર બનીએ તથા આપ જે પમાડવા ઇચ્છો છો તેવા સાજાપણાના વાહક બનીએ તેમજ લોકોને બાંધનાર થઇએ તે માટે અમારા પર કૃપા કરો.

*કૃપાળુ પ્રભુ આપની દયામાં અમારી આ પ્રાર્થના સાંભળો અને માન્ય કરો, આમેન.*

- પ્રભુ અમે એ સર્વ સભ્યોને માટે પ્રાર્થના કરીએ છીએ કે જેઓ સાજાપણાની ટુકડીમાં જુદા જુદા સ્તર પર કાર્યરત છે કે તેઓ આપના લોકોના કલ્યાણને અર્થે સાચા અર્થમાં ઐક્ય કેળવે. જેઓ બીમાર લોકોની સારવાર કરે છે તેવા દરેક વૈદકીય વ્યાવસાયિકને માટે અમારી પ્રાર્થના છે - કૃપા કરીને તેઓને સહાય કરો અને નિદાન તથા સારવાર કરવા માટે તેઓને નિપુણતા આપો અને સાજાપણાની પ્રક્રિયામાં મદદરૂપ બનાવો.

*કૃપાળુ પ્રભુ આપની દયામાં અમારી આ પ્રાર્થના સાંભળો અને માન્ય કરો, આમેન.*

-   સર્વસમર્થ ઈશ્વરપિતા, અમે CMAI સંસ્થા અને આખા દેશની લંબાઇ અને પહોળાઇમાં હાજર છે તેવા તેના દરેક સભ્યને માટે અમારી પ્રાર્થના છે કે બીમાર અને પીડાઇ રહેલા લોકો માટેના આપના પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમને પ્રદર્શિત કરવા માટે કૃપા પમાડજો. જેઓ સાજાપણાની સેવામાં અસરકારક અને પ્રસ્તુત નીવડવા માટે સંઘર્ષ કરી રહ્યા છે તેઓને સહાય કરો.

*કૃપાળુ પ્રભુ આપની દયામાં અમારી આ પ્રાર્થના સાંભળો અને માન્ય કરો, આમેન..*

-   પ્રભુ અમે CMAI કે જે ભારતમાંની મંડળીઓ માટે સાજાપણાનો હસ્ત છે તેને માટે પ્રાર્થના કરીએ છીએ કે તે એવા કારણોને યોગ્ય રીતે હલ કરી શકે કે જે આપના લોકોને ભરપૂર જીવનનો આનંદ મેળવવાથી વંચિત રાખે છે. લોકોની સેવા કરવાના મંડળીના કાર્યને આશીર્વાદ આપો કે જેથી જીવનની ગુણવત્તા સુધારવામાં તે મદદરૂપ બની રહે.

*કૃપાળુ પ્રભુ આપની દયામાં અમારી આ પ્રાર્થના સાંભળો અને માન્ય કરો, આમેન.*

(દોરનાર આ ઉપરાંત પણ બીજી પ્રાર્થના વિનંતી ઉમેરી શકે છે અને પાળકીય પ્રાર્થના સાથે પૂર્ણ કરી શકે છે.)

**ગીત** (દાનાર્પણ માટેનું)

(જો પ્રભુભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હોય તો પ્રભુભોજનની સેવા કરાવવી અને અંતિમ પ્રાર્થના તથા આશીર્વચન સાથે સમાપ્તિ કરવી.)

હીલીંગ મીનીસ્ટ્રી રવિવાર દરમિયાન એકત્ર કરાયેલ દાનાર્પણ ડીમાન્ડ ડ્રાફ્ટ / ચેક દ્વારા નીચેના સરનામે મોકલી શકાશે:

**CMAI ઑફિસ, પ્લોટ નં. ૨, A-૩ લોકલ શોપિંગ સેન્ટર, જનકપુરી, નવી દિલ્હી**

આ આરાધના-કાર્યક્રમનો અનુવાદ www.cmai.org પર પ્રાપ્ય છે.